# ધો. ૧૧ વિજ્ઞાન પ્રવાહના દ્વિતીય સેમેસ્ટરનું પરિણામ ૬૧.૨૭ ટકા


ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહનું બીજા સેમેસ્ટરનું પરિણામ જાહેર થતાં વિદ્યાર્થીઓમાં પરિણામ જોવા ઘણી ઉત્સુકતા જોવા મળી હતી.

## સૌથી વધુ પરિણામ ડાકોર કેન્દ્રનું ૯૧.૧૬ ટકા જ્યારે સૌથી ઓછુ પરિણામ માંડવી કેન્દ્રનું ૧૪.૫૧ ટકા

ગાંધીનગર, તા. ૨૩

ધો. ૧૧ વિજ્ઞાન પ્રવાહના બીજા સેમેસ્ટરનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું છે. વર્ણનાત્મક પ્રકારની આ પરીક્ષાનું પરિણામ ૬૧.૨૭ આવ્યું છે. એ-૧ ગ્રેડમાં રાજ્યના માત્ર ૨૭૩ વિદ્યાર્થીઓ પાસ જાહેર થયા છે.

ગત વર્ષે શાળા કક્ષાએ સેમેસ્ટર પદ્ધતિનો અમલ થઈ રહ્યો છે. ધો. ૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ચાલુ વર્ષથી જ સેમેસ્ટર પદ્ધતિનો અમલ થયો છે. પ્રથમ અને બીજા સેમેસ્ટરની પરીક્ષાઓ પૂર્ણ થઈ ગઈ છે. બીજા સેમેસ્ટરનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું છે. બીજા સેમેસ્ટરની પરીક્ષા વર્ણનાત્મક હોવાથી વિદ્યાર્થીઓ થોડાક મુંઝાયા હતા. જેની અસર પરિણામ પર સ્પષ્ટ જોવા મળી રહી છે. બીજા સેમેસ્ટરમાં કુલ ૧,૧૮,૪૦૪ વિદ્યાર્થીઓ બેઠા હતા તેમાંથી ૭૨,૫૪૪ વિદ્યાર્થીઓ પાસ જાહેર થતા પરિણામ ૬૧.૨૭ ટકા જાહેર થયું છે. સૌથી વધુ પરિણામ ૯૧.૧૬ ટકા સાથે ડાકોર કેન્દ્ર પ્રથમ છે જ્યારે ૧૪.૫૧ ટકા જેટલુ સૌથી નીચુ પરિણામ માંડવી કેન્દ્રનુ છે. ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ૧૪ છે. જ્યારે ૧૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ૯૯ છે. એ-૧ ગ્રેડમાં ૨૭૩ અને એ-૨ ગ્રેડમાં ૪૧૦૨ વિદ્યાર્થીઓ નોંધાયા છે. ગ્રુપ પ્રમાણે પરિણામ જોઈએ તો એ-ગ્રુપનું પરિણામ ૬૨.૧૪ ટકા અને બી-ગ્રુપનું પરિણામ ૫૯.૩૮ ટકા છે. જ્યારે એબી ગ્રુપનું પરિણામ ૫૩.૪૧ ટકા જાહેર કરવામાં આવ્યું છે. વિષયવાર પરિણામની વિગત જોઈએ તો સૌથી ઓછુ પરિણામ મેથ્સ અને કેમેસ્ટ્રીનું છે. મેથ્સનુ પરિણામ ૭૩.૬૯ ટકા છે જ્યારે કેમેસ્ટ્રીનું પરિણામ ૭૩.૮૦ ટકા છે. આમ રાજ્યમાં કેમેસ્ટ્રી અને ફિઝિક્સમાં માત્ર એક-એક વિદ્યાર્થી જ ૧૦૦ ગુણ મેળવી શક્યો છે.

## એક વિષયમાં ૧૫૮૬૪ વિદ્યાર્થીઓ નાપાસ થયા

અમદાવાદ, તા.૨૩

ધોરણ ૧૧ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યુ હતુ. વિષય પ્રમાણે પરિણામ સુધારણાની જરૂરિયાતવાળા ઉમેદવારોની સંખ્ય નીચે મુજબ છે.

| વિષયની સંખ્યા | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| ૧ | ૧૫૮૬૪ |
| ૨ | ૧૩૪૬૫ |
| ૩ | ૧૨૫૩૬ |
| ૪ | ૫૮૯૬ |
| ૫ | ૧૬૯૦ |
| ૬ | ૧૦૯ |
| ૭ | ૨૭૬ |
| કુલ | ૪૯૮૩૬ |

## સૌથી વધુ ડાકોર કેન્દ્રનું ૯૧.૧૬ ટકા પરિણામ

## વિજ્ઞાન પ્રવાહ પરિણામ ઝલક

અમદાવાદ,તા. ૨૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતમ માધ્યમિક બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધોરણ ૧૧ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું પરિણામ આજે સવારે જાહેર કરવામાં આવ્યું હતું. પરિણામ ૬૧.૨૭ ટકા જાહેર થયું છે. ધો. ૧૧ વિજ્ઞાન પ્રવાહના પરિણામની સાથે સાથેની બાબતો નીચે મુજબ છે.

| | |
|---|---|
| ધોરણ ૧૧ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું પરિણામ | ૬૧.૨૭ ટકા |
| વિદ્યાર્થીઓનું પરિણામ | ૫૯.૨૮ ટકા |
| વિદ્યાર્થીનીઓનું પરિણામોં | ૬૫.૧૬ ટકા |
| સૌથી વધુ પરિણામ ધરાવતો જિલ્લો | ખેડા (૭૮.૯૬ ટકા) |
| સૌથી ઓછું પરિણામ ધરાવતો જિલ્લો | નર્મદા (૧૬.૫૧ ટકા) |
| સૌથી વધુ પરિણામ ધરાવનાર કેન્દ્ર | ડાકોર (૯૧.૧૬ ટકા) |
| સૌથી ઓછું પરિણામ ધરાવતું કેન્દ્ર | માંડવી (૧૪.૫૧ ટકા) |
| પાસ થયેલા કુલ વિદ્યાર્થી | ૭૨૫૪૪ |
| ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળા | ૧૪ |
| ૧૦ ટકાથી ઓછું પરિણામ ધરાવતી શાળા | ૯૯ |
| એ૧ ગ્રેડમાં પ્રમાણપત્ર મેળવવાને પાત્ર ઉમેદવારો | ૨૭૩ |
| એ૨ ગ્રેડમાં પ્રમાણપત્ર મેળવવાને પાત્ર ઉમેદવારો | ૪૧૦૨ |
| અંગ્રેજી માધ્યમનાં ઉમેદવારોની પરિણામની ટકાવારી | ૬૯.૭૭ ટકા |
| ગુજરાતી માધ્યમનાં ઉમેદવારોની પરિણામની ટકાવારી | ૬૦.૧ ટકા |
| એ ગ્રુપનું પરિણામ | ૬૨.૧૪ ટકા |
| એ ગ્રુપમાં પાસ વિદ્યાર્થી | ૫૦૫૪૭ |
| બી ગ્રુપનું પરિણામ | ૫૯.૩૮ ટકા |
| બી ગ્રુપમાં પાસ વિદ્યાર્થીઓ | ૨૧૯૫૦ |
| એબી ગ્રુપમાં પરિણામ | ૫૩.૪૧ ટકા |
| એબી ગ્રુપમાં પાસ વિદ્યાર્થી | ૪૭ |
| શારીરીક ખોડખાપણ ઉમેદવારની સંખ્યા | ૧૪૫ |
| ૨૦ ટકા સ્ટાન્ડર્ડથી પાસ થનાર શારીરીક ખોડખાપણ વાળા વિદ્યાર્થીઓ | ૨૩ |

## પરિણામથી નિરાશ થયેલા વિદ્યાર્થીઓ સ્ટ્રીમ બદલવાનું વિચારી રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૩

ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહના બીજા સેમેસ્ટરનું પરિણામ ૬૧.૨૭ ટકા જેટલુ નીચુ આવતા વિજ્ઞાન પ્રવાહના ઘણા વિદ્યાર્થીઓ સ્ટ્રીમ બદલવાનું વિચારી રહ્યા છે.

એન્જીનિયરીંગની સીટો વધતા અને છેલ્લા કેટલાક વર્ષોથી ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ઉંચુ જાહેર કરાતા વિજ્ઞાન પ્રવાહનું આકર્ષણ વિદ્યાર્થીઓમાં ખુબ વધ્યુ હતુ. ધો. ૧૦માં પાસ થયેલા ઘણા વિદ્યાર્થીઓએ વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવી સઘન અભ્યાસ શરૂ કર્યો હતો. પરંતુ વર્ષે બોર્ડ દ્વારા સેમેસ્ટર પદ્ધતિનો અમલ કરાતા અને અઘરા પેપરો પુછાતા વિદ્યાર્થીઓ નિરાશ થયા હતા. તેમાંય બીજા સેમેસ્ટરના નબળા પરિણામે વિદ્યાર્થીઓની આશા પર પાણી ફેરવી દીધુ હતુ. કેમેસ્ટ્રી અને ફિઝિક્સ જેવા વિષયો વિદ્યાર્થીઓને ખુબ અઘરા લાગી રહ્યા છે. પરિણામથી નિરાશ થયેલા ઘણા વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહ છોડી વાણિજ્ય પ્રવાહમાં પ્રવેશ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. ડિપ્લોમાં પ્રવેશની કાર્યવાહી માટેનો છેલ્લો દિવસ ગઈકાલે જ હતો આથી વાણિજ્ય પ્રવાહમાં પ્રવેશ મેળવ્યા સિવાય વિદ્યાર્થીઓ પાસે કોઈ છુટકો નથી. ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ માટેની પુછપરછ ઘણી શાળાઓમાં થઈ હતી.

## આજે કાવ્ય સંગ્રહ 'દલિત કવિતા' વિશે ચર્ચા યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

દલિત અધિકારના ચંદુ મહેરિયાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત અને પ્રવીણ ગઢવી દ્વારા સંપાદિત 'દલિત કવિતા' કાવ્યસંગ્રહ વિશે આજે તા. ૨૪મી જૂન-૨૦૧૨ના રોજ સાંજે ૫ કલાકે સેમિનાર ખંડ, ડૉ. આંબેડકર હોલ, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે ચર્ચા યોજાશે. નગરના સૌ સારસ્વતો તથા રસિકજનો તેનો લાભ લઈ શકશે.


યુનિવર્સિટીના સેનેટ મીટિંગમાં સેનેટના કાર્યકરોએ વોકઆઉટ કર્યો હતો.

## આજે જમ્પ રોપ રેફરીનો સેમિનાર

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા જમ્પ રોપ એસોસીએશન દ્વારા શ્રી અમર સ્પોર્ટસ અને ગુજરાત સ્પોર્ટસ એકેડેમીના સહયોગથી તા. ૨૪મી જૂનના રવિવારે જિલ્લા કક્ષાનો રેફરી સેમિનારનું આયોજન પ્રેરણા વિદ્યાલય સેકટર-૫ ગાંધીનગરમાં સવારે કરવામાં આવેલ છે.

સેમિનારનું ઉદ્ઘાટન પ્રેરણા વિદ્યાલયના ટ્રસ્ટી શ્રી પ્રદિપસિંહજી બિહોલા, રમતજગતના તંત્રી, શ્રી ભૂપેન્દ્રભાઈ ક્ષત્રિય, પ્રેરણા વિદ્યાલયના આચાર્યા સ્વીતાબા રાઓલ, સનસાઈન સ્પોર્ટસના રવિન્દ્રસિંહ રાજપૂત અને જિલ્લા રમતગમત પ્રશિક્ષણ કેન્દ્ર ગાંધીનગરના હેન્ડ બૉલ કોચ શ્રી, કૌશિકભાઈ પટેલ હાજર રહેનાર છે. સેમિનારમાં તાલીમાર્થીઓને નૅશનલ રેફરી ભરતભાઈ ઠાકોર દ્વારા ઓડિયો વિઝ્યુઅલ માધ્યમ દ્વારા રેફરીની તાલીમ આપવામાં આવશે. આ તાલીમ પ્રાપ્ત રેફરીઓને જિલ્લા કક્ષાના જમ્પ રોપ સ્પર્ધામાં રેફરી તરીકે નિમણૂંક કરવામાં આવશે. ઉપરોક્ત માહિતી શ્રી હિંમતજી ઠાકોર, મંત્રીશ્રી ગાંધીનગર જિલ્લા જમ્પ રોપ એસોસીયેશને જણાવેલ છે.

## સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર સેકટર-૭ ખાતે વૃક્ષારોપણ કરાયું

ગાંધીનગર, તા. ૨૩

સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર સેકટર-૭ના આચાર્ય શ્રી બી.એ. ચૌધરીની રાહબારી હેઠળ શિક્ષકો અને વિદ્યાર્થીઓએ વનમહોત્સવની ઉજવણીના ભાગરૂપે શાળાના કમ્પાઉન્ડમાં વિવિધ પ્રકારના રોપાઓ જેવા કે લીમડો, સચીપર્ણી, ફાયકસ, તથા બોનજામીનના આશરે ૨૦૦ જેટલાં ૧૦ થી ૧૨ ફૂટ ઊંચા રોપાઓને રોપવામાં આવ્યા હતા. આ શાળાના શિક્ષક વૃંદ તથા વિદ્યાર્થીઓને સમયદાન અને શ્રમદાનનું યોગદાન આપ્યું હતું. પ્રત્યેક રોપાની છોડની જવાબદારી શાળાનાં શિક્ષકો વિદ્યાર્થીઓને સોંપવામાં આવી. જે જવાબદારી પૂર્વક છોડનું જતન કરવાની પ્રતિજ્ઞા લીધી છે.

## વાવોલની માધ્યમિક શાળામાં ગણવેશ નોટબુકો અને પેડનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૨૩

પ્રગતિ મંડળ, વાવોલ સંચાલિત એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલય, વાવોલ શાળામાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને માટે પૃથ્વીભાઈ શાહના માતૃશ્રી સ્વ. ઈન્દિરાબાના સ્મરણાર્થે ગણવેશ વિતરણ તેમજ નોટબુકો અને પેડના વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

બેતાલીસ ગોળ દરજી સમાજના પ્રમુખ અને નિવૃત્ત આસિસ્ટન્ટ જનરલ મેનેજર એ.ડી.સી. બેંક, અમદાવાદના ખોડીદાસભાઈ દરજીના અધ્યક્ષસ્થાને સમારંભ યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તથા મુખ્ય દાતા, સાહિત્યકાર, લેખક તેમજ નિવૃત્ત પ્રાધ્યાપક પૃથ્વીભાઈ શાહની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ કાર્યક્રમમાં મહાનુભાવોના શુભાસ્તે વિદ્યાર્થીઓને ગણવેશ, નોટબુકો અને પેડનું વિતરણ કરવામાં આવ્યું હતું. આમંત્રિત મહેમાનો તથા શાળાના ટ્રસ્ટી અમરસિંહભાઈ ગોલ, મુકેશભાઈ પટેલ અને આચાર્યએ પ્રસંગોચિત વકતવ્ય આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના શિક્ષક એન.એસ. ચૌધરી અને આભારવિધિ આર.એસ. નિનામાએ કરી હતી.

## પાયોવિ કર્મચારી મંડળીના ડિરેક્ટર્સ બિનહરીફ ચૂંટાયા

ગાંધીનગર, તા. ૨૩

ધી પાટનગર યોજના વિભાગ નંબર-૨ કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. ગાંધીનગરના વર્ષ ૨૦૧૨-૨૦૧૫ માટેના ડીરેક્ટર તરીકે ૯ સભ્યો તાજેતરમાં બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. જેઓને મંડળીના સભ્યોએ અભિનંદન પાઠવ્યા છે.

મંડળીના ડીરેક્ટર તરીકે અર્જૂનસિંહ વાઘેલા, મહેન્દ્રસિંહ ચૌહાણ, શંકરસિંહ વાઘેલા, મહેશભાઈ રાઠોડ, મહેશકુમાર વ્યાસ, ભવાનસિંહ ડાભી, મનુભાઈ ગોહિલ, નંદુભાઈ પટેલ અને રમેશભાઈ પરમાર બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે.

# આઉટ ઑફ ટ્રેન્ડ ગુજરાતી ફિલ્મ ધૂમ મચાવી રહી છે

## અમદાવાદના યુવા સર્જક દ્વારા દિગ્દર્શિત ફિલ્મ 'કેવી રીતે જઈશ' એક સપ્તાહ હાઉસફૂલ ચાલ્યા પછી બીજા સપ્તાહે પણ સડસડાટ દોડી રહી છે

### સિલ્વર સ્ક્રીન

\- કુંતલ નિમાવત

'ગુજરાતી ફિલ્મો એટલે જોવાલાયક નહીં, ગુજરાતી ફિલ્મો એટલે અમુક કે તમુક પ્રકારની જ ફિલ્મો અને ગુજરાતી ફિલ્મો તે વળી મલ્ટીપ્લેક્સમાં હોતી હશે !' આવાં બધાં જ ઉદ્‌ગારોને જવાબ આપતી ફિલ્મ આઠ દિવસથી સફળતાપૂર્વક થિયેટર્સમાં, સૉરી મલ્ટીપ્લેક્સીસમાં ચાલી રહી છે. પહેલું અઠવાડિયું તો આ ફિલ્મે હાઉસફૂલ વિતાવ્યું ને હવે એ જ રીતે બીજા અઠવાડિયામાં પણ એ હાઉસફૂલનાં પાટિયાં ઝૂલાવતી આગળ વધી રહી છે.




અને હા, આ ફિલ્મ ગુજરાતીના રખેવાળો કે ગુજરાતીના પ્રેમીઓ જ જોઈને તેને હીટ બનાવી રહ્યા છે એવું નથી. મલ્ટીપ્લેક્સીસમાં ફિલ્મ એક સપ્તાહ હાઉસફૂલનાં પાટિયાં ઝૂલાવતી ચાલી એનો અભ્યાસ દર્શાવે છે કે સૌથી વધુ યુવા વર્ગે આ ફિલ્મ જોઈ છે. મતલબ કે યુવા વર્ગે જ તેને હીટ પણ બનાવી છે. યુ ટ્યુબ અને ફેસબૂક ઉપર પણ આ ફિલ્મ વિશે ફિલ્મ રિલીઝ થયા પહેલાં અનેક હીટ મળી છે અને એ કારણથી ફિલ્મ આવ્યા પહેલાં જ તેના વિશે ખાસ્સી ઉત્સુકતા હતી. જે તેને હાઉસફૂલ સુધી ખેંચી ગઈ.

ફિલ્મના રસિયાઓને ખબર હશે ને ઘણા રસિયાઓ તો આ ફિલ્મ અમદાવાદ જઈને પણ જોઈ આવ્યા છે. ફિલ્મનું નામ પણ ફિલ્મની જેમ જરા 'હટકે' છે, 'કેવી રીતે જઈશ.'

આપણું બુદ્ધિધન વર્ષોથી અમેરિકાની ઝાકળઝમાળથી આકર્ષાઈને અમેરિકા તરફ દોડ લગાવતું રહ્યું છે. હકીકતે અમેરિકા જઈને બધા જ સંપન્ન નથી થતાં, જે સંપન્ન થાય છે તે પૈકીનાય ઘણા સુખની અને શાંતિની સતત ખોટ અનુભવે છે. આવા કિસ્સાઓ આપણે ત્યાંય પહોંચે છે ને તેમ છતાં અહીંના મોહાંધ લોકોની અમેરિકા જવાની ઘેલછામાં જરાય ઓટ આવતી નથી. અમેરિકા જવાની એટલી બધી ઘેલછા હોય છે લોકોમાં કે એ માટે તેઓ ગમે તે રસ્તો અપનાવવા તૈયાર થઈ જાય છે. જિંદગી આખીની કમાણી આપી દેવી પડે, બચત ખર્ચી નાખવી પડે કે પછી કોઈને છેતરવા પડે તોય તેઓ અચકાતા નથી. આ પરદેશ જવાની હોડમાં તેઓ ગૅરકાયદેસર રીતે જવા પણ તૈયાર થઈ જાય છે. અને પછી મળે છે શું ? જીવનભરની ગુલામી, જિંદગીભરનો ડર અને કાયદેસર નાગરિક થવા માટેની વણથંભી દૉડ. એ દૉડ પૂરી થાય છે ત્યારે ખબર પડે છે કે જિંદગી તો હવે પૂર્ણ થવા આવી છે. જિંદગીનાં અમૂલ્ય વર્ષો તો ખર્ચાઈ ગયાં છે. પણ પછી કંઈ થઈ શકતું નથી. પસ્તાવા સિવાય કશું કરી પણ શકાતું નથી.

આવા ગંભીર વિષયની વાત કેવી રીતે જઈશ ફિલ્મમાં બહુ હળવાશથી કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

ઈન્ટરવલ પહેલાંની ફિલ્મ તો સાવ હળવીફૂલ છે. બસ, જુવાનિયાઓની ફિલ્મ હોય ને કોઈ ગંભીર વિષયની વાત ન કરવાની હોય એમ હળવાશથી પેટ પકડીને હસ્યા જ કરવાનું. ઈન્ટરવલ પછી ફિલ્મ થોડી ગંભીર થાય છે, પાત્રો વચ્ચે ટેન્શન આવે છે, નિષ્ઠા તૂટવાનાં દશ્યો આવે છે ને મારામારી પણ આવે છે. એ પછી શું થાય છે ? એ જોવા તો ફિલ્મ જોવી પડે.

અમદાવાદના રહેવાસી યુવા (માત્ર પચીસ વર્ષની વયના !) દિગ્દર્શક અભિષેક જૈન દ્વારા નિર્દેશિત કરવામાં આવેલી આ ફિલ્મ ખરેખર પ્રેક્ષણીય છે. પ્રૉફેશનલ કલાકારોના અભિનય માટે તો કંઈ કહેવાનું હોય જ નહીં. પણ હા, ઉલ્લેખ કરવો પડે સિનેમેટોગ્રાફીનો. અમદાવાદનાં ૩૨ લોકેશન્સ પર આ ફિલ્મનું શૂટીંગ થયું છે. એમાંય રિવર ફ્રન્ટ અને કાંકરિયાનાં દ્રશ્યો તો એવાં સુંદર ફિલ્માવાયાં છે કે આપણને એ જોયા પછી એમ થાય કે આપણે અમદાવાદને આ નજરે જોયું જ નથી.

ફિલ્મમાં પ્રથમ ગુજરાતી રૉક સૉન્ગનું બિરૂદ ખાટી જતું રૉક સૉન્ગ પણ છે, જે ખ્યાત રૉક ગાયક સુરજ જગન દ્વારા ગાવામાં આવ્યું છે. એ ઉપરાંત, ઐશ્વર્યા, પાર્થિવ ગોહિલ, રૂપકુમાર રાઠોડે પણ પોતાના અવાજ ગીતો માટે આપ્યા છે. બધાં જ ગીતો સાંભળવા ગમે એવાં છે. આર જે ધ્વનિત દ્વારા ફિલ્મની શરૂઆતમાં ગવાતું ગીત પણ ગમે એવું છે. સરવાળે મેહુલ સુરતીનું સંગીત ફિલ્મને ન્યાય આપે છે.

ગુજરાતી ફિલ્મો ગમતી હોય એવા પ્રેક્ષકોએ તો આ ફિલ્મ અચૂક જોવા જેવી છે અને ગુજરાતી ફિલ્મોમાં કંઈ જોવા જેવું નથી હોતું એવું માનનારા પ્રેક્ષકોએ પણ આ ફિલ્મ જરૂર જોવી જોઈએ. ગાંધીનગરમાં આ ફિલ્મ ચાલી રહી છે.

## ગુજરાતી ફિલ્મ અને એ પણ મલ્ટીપ્લેક્સમાં હાઉસફૂલ

## રાજપૂત સમાજ ગાંધીનગરના નવા વર્ષના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૨૩

રાજપૂત સમાજ ગાંધીનગરની સાધારણ સભા તાજેતરમાં સમાજભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે મળી હતી. જેમાં વર્ષ ૨૦૧૨-૧૩ના નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

રાજપૂત સમાજના વરિષ્ઠ આગેવાન બી.ડી. વાઘેલાની અધ્યક્ષતામાં યોજાયેલી સાધારણ સભામાં વર્ષ ૨૦૧૨-૧૩ના નવા હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે પી.પી. બિહોલાની વરણી કરવામાં આવી છે. ઉપપ્રમુખ તરીકે નટવરસિંહ એમ. વાઘેલા, કાળુસિંહ એસ. હાડા તથા મહામંત્રી તરીકે પૃથ્વીસિંહ બી. ચાવડા, સહમંત્રી તરીકે મહેન્દ્રસિંહ બી. રાઓલ, બી.ટી. વાઘેલા, સંગઠન મંત્રી તરીકે બાબુસિંહ એસ. વાઘેલા, ખજાનચી તરીકે દશરથસિંહ એફ. ચૌહાણ, ઓડિટર તરીકે નરેન્દ્રસિંહ બી. રાઠોડ, રજુજી બી. ગોલ તથા કારોબારી સભ્યો તરીકે નિરંજનસિંહ એમ. બિહોલા, નટવરસિંહ ભાટી, જનકસિંહ ડી. વાઘેલા, મહેન્દ્રસિંહ એસ. ચાવડા અને પદમસિંહ બી. ચૌહાણની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

## કેમેસ્ટ્રી અને ફિઝિક્સે વિદ્યાર્થીઓને રોવડાવ્યા

### કેમેસ્ટ્રી અને ફિઝિક્સ વિષયમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ નાપાસ થયા

ગાંધીનગર, તા.૨૩

ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહના બીજા સેમેસ્ટરનું પરિણામ આજે જાહેર થયું છે. કેમેસ્ટ્રી અને ફિઝિક્સ વિષયમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે.

ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહના બીજા સેમેસ્ટરના પરિણામે વિદ્યાર્થીઓને રોવડાવ્યા છે. પરીક્ષા યોજાઈ ત્યારે જ ફિઝિક્સ અને કેમેસ્ટ્રીનું પેપર ખુબ અઘરું નીકળ્યું હોવાની વિદ્યાર્થીઓમાં ચર્ચા થતી હતી. આજના પરિણામે તે સાબિત કરી આપ્યું છે. બંને વિષયમાં ૩૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. ફિઝિક્સમાં ૩૦૩૮૩ અને કેમેસ્ટ્રીમાં ૩૦૯૬૨ વિદ્યાર્થીઓ નાપાસ થતા વિદ્યાર્થીઓ ખુબ નિરાશ થયા છે.